
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.

૧ ઝુલતી નોકા ... ( વેલચંદ ધનજી ) ... ... ... ૧૭૧
૨ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ( અનુવાદ ) ... ... ... ૧૭૩
૩ પ્રતિબિંબ. ... ... ( રા. સુશીલ ) ... ... ... ૧૭૬
૪ તપ ... ... [ રા. ચોકસી ] ... ... ... ૧૮૦
૫ અમારી પૂર્વદેશની યાત્રા ( મુનિરાજ શ્રી દર્શન વિ. મહારાજ ) ૧૮૨
૬ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. (નરોતમદાસ. બી. શાહ. ) ૧૮૪
૭ મારવાડમાં જૈનોની કેળવણી વિષયક આધુનિક સ્થિતિ. ... ...
( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ... ૧૮૬
૮ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ૧૯૧
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૯૪

---

ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. ( ૪ )

છેલ્લામાં છેલ્લી દફે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકાયુક્ત ચાર કર્મગ્રંથ કે જે આગળ અન્ય તરફથી બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક તાડપત્રીય અને બીજી અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરી પ્રમાણિકપણે સંશોધન મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથ સંપાદનને લગતા કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીયે.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડી વિષયોને છુટા પાડવા સાથે દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથોમાંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલાં છે. છેવટે ૭ પરિશિષ્ટોમાં, પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોકો વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ, ચોથામાં કર્મગ્રંથ અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમામાં ટીકામાં આવતા પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે. પ્રસ્તાવના ગુજરાતીમાં એટલા માટે આપેલી છે કે સર્વકોઈ આ કર્મગ્રંથનું સ્વરૂપ, મહત્ત્વતા, ગ્રંથપરિચય, કર્મ વિષય સાહિત્યની ઓળખ, ગ્રંથકારનો પરિચય, પરિવાર, ગ્રંથરચના, પ્રતિઓનો પરિચય વગેરે જાણી શકે, જેથી ગુજરાતી ભાષાના જાણ અને આ કર્મવિષયક ગ્રંથનું મહત્ત્વ જાણવાના જિજ્ઞાસુઓ માટે સંપાદક મહાપુરૂષોએ અતિ ઉપકાર કર્યો છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા ( પોસ્ટેજ જુદુ ) કિંમત રાખવામાં આવેલ છે.

–:લખો:–

શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ-ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. फाल्गुन. आत्म सं. ३९. { अंक ८ मो.

## ઝુલતી નૌકા

( ચાલ—ક્યાંથી આ સંભળાય )

( ૧ )

નૌકા ઝોલાં ખાય, અરે આ ! નૌકા ઝોલાં ખાય;
ના મીલે નાવિક સ્હાય, અરે આ ! નૌકા ઝોલાં ખાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ )

માનવ મનહર દેહ આ નૌકા, પૂરવ પૂણ્ય પ્રભાવે;
ભવ સાયર તરવા મળી તેનો, ખપકર શુદ્ધ સ્વભાવે........અરે

( ૩ )

સંત સમાગમ નાવિક સાચા, સહજે સમજો શાણા !
સાધ્ય સ્થાનપર પહોંચાડે એ, શાસ્ત્ર પ્રસિદ્ધ છે ગાણા........અરે

( ૪ )

નદી ગોળ પાષાણ ન્યાયથી, મારગ અરધે આવ્યો;
અર્ધ સુગમ છે તેને ભ્રાતુ, મોહને જેણે હઠાવ્યો........અરે

( ૫ )

ચાર ગતિમાં મોક્ષ તણું આ, દ્વાર સમજવું સાચુ;
ચાહે સદૈવ અમરજન જેને, સાર્થકતા પર રાચું........અરે

( ૬ )

રાગ–દ્વેષ મારગમાં નડશે, શત્રુ જાણો સાચા;
ક્રોધ–માન–માયાને લોભ છે, સહાયક તેના ખાસા........અરે

( ૭ )

કરી પરાસ્ત જય મેળવવાથી, સત્વર મારગ મળશે;
ઝુલતી નૌકા નાવિક યોગે, ઇપ્સિત સ્થાને ઠરશે........અરે

( ૮ )

અવસર અનૂપમ ચૂક ન બન્ધુ ! સફર આ શિવ સ્થળ કેરી;
ભ્રમણ મિટાવે સંત સમાગમ, શાને કરો હવે ડેરી........અરે

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય

## સૃષ્ટિકતૃત્વવાદ ( પ્ર૦ ૨ જું )

[ ગતાંક પૃષ્ઠ ૧૫૯ થી શરૂ ]

### મી. મેલોકના સૃષ્ટિ ઉત્પત્તિ સંબંધી વિચારો.

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમેં પૂર્વકાલીન વિચારો ગમે તેવા હોય, આપણે આપણો નિર્ણય સત્ય વસ્તુ ઉપરથી કરવાનો રહે છે. અધ્યાત્મવાદીઓ પણ વસ્તુસ્થિતિ ઉપરથી સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં ગંભીર વીચાર કરે તો તેમને આશ્ચર્ય થયા વિના રહેશે નહિ. સૃષ્ટિનું યોગ્ય નિરીક્ષણ કરનારને કહેવાતા પ્રભુની પવિત્રતા અને પ્રજ્ઞતાને બદલે તેની પાપવૃત્તિ, અશકિત અને અજ્ઞાનનું ભાન થશે. પ્રભુ તુચ્છ બુદ્ધિવાળા રાક્ષસરૂપ લાગશે. પ્રભુમાં સ્નેહ કે સૌજન્ય દેખાશે નહિ. પ્રભુ એક ઘોર પાપી ઉન્મત્ત મનુષ્ય જેવો જણાશે. પ્રભુની મૂર્ખતાનું આબેહુબ પ્રદર્શન થશે. પ્રભુ પાપાવતાર રૂપ પ્રતીત થાય છે. પ્રભુની નિર્લજ્જતા અને સ્વચ્છંદ વૃત્તિનો સાક્ષાત્કાર થાય છે. પ્રભુનાં દેખાતાં ઔદાર્યમાં હિંસક વૃત્તિનો ભાસ થાય થાય છે. પ્રભુની વ્યક્ત જણાતી દયા વૃત્તિમાં વિનાશક વૃત્તિનું નિદર્શન થાય છે. પ્રભુ દૌર્બલ્યયુક્ત, નૈતિક ચારિત્રરહિત અને પ્રતિષ્ઠાશૂન્ય જણાય છે. કુદરતનાં દૃશ્ય ઊપરથી કહેવાતા પ્રભુની કોઇ પણ શક્તિનો આવિષ્કાર નથી થતો. સૃષ્ટિનો પ્રભુ હોય તો તે સૃષ્ટિ શું છે એ સમજતો હોય એમ કોઈ રીતે નિશ્ચય નથી થઇ શકતો. સૃષ્ટિનું રહસ્ય આદિ ન સમજનાર પ્રભુ સૃષ્ટિથી વિમુક્ત કેમ નથી થતો ? એ પ્રશ્ન પણ અત્યંત વિચારણીય થઈ પડે છે. ભૂકંપ, ઝંઝાવાત આદિ કુદરતનાં તાંડવો જે પ્રભુની શકિત આદિના નિદર્શક છે એમ કહેવાય છે તે ઉપરથી પ્રભુ કેવો નિષ્ઠુર છે એનો સહજ ખ્યાલ આવી શકે છે. ઈચ્છાપૂર્વક ઘોર પાપો કરનારો આવો કોઇ પ્રભુ હોય તો તે તદ્દન ઉન્મત્ત અને મૂર્ખ પિશાચ સમાન છે એમ કહી શકાય. એવા પ્રભુનો સ્હેજ પણ વિશ્વાસ થઇ શકે નહિ.

ઈશ્વરકર્તૃત્વવાદના સંબંધમાં આખુંયે જીવન અભ્યાસ કરી ઈશ્વર કર્તૃત્વનાં સચોટ વિરોધ કરનાર મી. મેલોકના ઉપરોકત વિચારો સ્વયમેવ પ્રતીતિજનક છે. કહેવાતા પ્રભુની ઇચ્છા અને સામાન્ય શકિતને કારણે સૃષ્ટિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યક્ષ ઉત્પત્તિ નથી જ થઈ એવો મી. મેલોકનાં ઉપરોક્ત કથનનો સાર છે. સૃષ્ટિ કોઇ પ્રભુએ ઉત્પન્ન નથી કરી એમ આ નિશ્ચયયુક્ત કથનથી કોઇ ઇશ્વરકર્તૃત્વવાદી પણ કદાચ માની લે. કોઇની સૃષ્ટિ–ઉત્પત્તિની ઇચ્છા કે પ્રયત્નથી સૃષ્ટિ ઉત્પન્ન નથી થઇ એવો તેને પ્રત્યય પણ થાય. સૃષ્ટિ–કર્તૃત્વમાં પ્રભુનો કોઇ ચોક્કસ હેતુ નથી એવી ખાત્રી પણ કદાચ થાય; આમ છતાં કુદરતમાં જે વ્યવસ્થા આદિ પ્રવર્તે છે તેનું શું કારણ ? એ સંબંધી શંકા ઉદ્ભવે એ સાહજિક છે. એ વ્યવસ્થા કોઇ શક્તિ કે નિયામકને કારણે છે એવો વિચાર સ્ફુરે છે. અચેતન વસ્તુઓમાં વ્યવસ્થિતતાનું અસ્તિત્વ શા કારણે છે ? એ પ્રશ્ન ખાસ કરીને ઉપસ્થિત થાય છે. સૃષ્ટિ અમુક નિયમોને જ આધીન કેમ છે અને તેનો વિકાસ અમુક જ રીતે કેમ થાય છે એવી શંકાને સ્થાન મળે છે. સૃષ્ટિ–કર્તૃત્વવાદના સંબંધમાં ઇશ્વરે સૃષ્ટિની ઉત્પત્તિ કરી એવી માન્યતાનો લોપ થયા પછી આ રીતે જે વિવિધ પ્રશ્નો અને આશંકાઓ ઉપસ્થિત થાય છે તેનું યોગ્ય સમાધાન સર્વથા ઇષ્ટ છે.

કુદરતના અનેક કાર્યોમાં નિયમિતતા કેમ પ્રવર્તે છે, એ નિયમિતતાનું ખાસકારણ શું છે ? એ પ્રશ્ન સૌથી પ્રથમ ઉદ્ભવે છે. કુદરતની નિયમિતતા અને વ્યવસ્થા આકસ્મિક છે એવો ઘણા તત્ત્વજ્ઞાનીઓનો સ્પષ્ટ મત છે. આ મત એવો છે કે બુદ્ધિથી વિચાર કરતાં તેથી ચિત્તનું સમાધાન થઇ શકતું નથી. સૃષ્ટિ કોઈ કર્તાની ઇચ્છાથી ભલે ઉત્પન્ન ન થઇ હોય પણ તેનું અસ્તિત્વ આકસ્મિક રીતે નહિ જ થયું હોય એ વાત નિર્વિવાદ છે. આકસ્મિક ઘટનાઓ એ સામાન્ય રીતે અપવાદ રૂપ છે. આકસ્મિક ઘટનાઓથી કોઈ સામાન્ય નિયમ સ્થાપી શકાય નહિ. કુદરતના વિવિધ નિયમોનું વ્યવસ્થિત કાર્ય કોઇ રીતે આકસ્મિક છે એમ કહી શકાય નહિ. કુદરતની નિયમિતતા આદિ આકસ્મિક હોવાનું કોઇ રીતે પૂરવાર થઇ શકતું નથી. કુદરતની ઘટનાઓ આકસ્મિક હોય તો એ ઘટનાઓની પુનરૂક્તિ અશક્યવત્ થઈ પડે. તાત્પર્ય એ કે વસ્તુઓના આકસ્મિક અસ્તિત્વનો સિદ્ધાન્ત બુદ્ધિની કલ્પના માત્ર છે એ સિદ્ધાન્તનો સર્વસામાન્ય નિયમ તરીકે સ્વીકાર કરી શકાય નહિ, વસ્તુ-ઓનાં વિવિધ સ્વરૂપોનાં કારણની દૃષ્ટિએ એ સિદ્ધાન્ત કદાચ ઉપયુક્ત થઇ પડે પણ અવિચળ અને સાર્વત્રિક નિયમ તરીકે એ સિદ્ધાન્ત કોઈ રીતે સ્વીકાર્ય થઇ શકતો નથી. આકસ્મિક ઘટનાઓ ગમે તેટલી બને, એ ઘટનાઓ મહત્વની હોય છતાં એ ઘટનાઓથી કોઈ વસ્તુનો ઉન્નતિકારક વિકાસ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો નથી એવો મી. હડસનનો સ્પષ્ટ મત છે. વિશ્વ કે જનતાનો વિકાસ આકસ્મિક ઘટનાઓથી અશક્ય જ હોય એની આ ઉપરથી પ્રતીતિ થઇ શકે છે. વિશ્વ અને જનતાના વિકાસ માટે કોઇ નિયમ ખાસ આવશ્યક છે. કોઈ અવ્યાબાધ નિયમ વિના વિશ્વમાં વ્યવસ્થા આદિ પ્રવર્ત્તી શકે નહિ. કુદરતનું કાર્ય નિયમીત રીતે ચાલે તદર્થે કોઇ અવિચલ નિયમનું અસ્તિત્વ સ્વીકારણીય બને છે.

પરમાણુઓ કે તત્ત્વોનાં આકસ્મિક મિલન અને મિશ્રણથી સૃષ્ટિનું કાર્ય નિયમિત રીતે ચાલે છે એમ માની લેવામાં આવે તો એ આકસ્મિક મિલન અને આકસ્મિક મિશ્રણ કેમ થાય છે એ પ્રશ્ન ખાસ વિચારણીય થઇ પડે છે. આ પ્રશ્નના સમાધાન માટે આપણે સૂક્ષ્મ રીતે વિચાર કરીશું તો વસ્તુઓનાં સાહજિક અને અવિચળ સ્વરૂપની ઝાંખી થઇ શકે છે. વસ્તુઓ પોતાના સ્વભાવ અનુસાર પોતાનું કાર્ય કર્યે જાય છે એમ સ્પષ્ટ રીતે જાણી શકાય છે. વસ્તુઓનાં સંબંધમાં આ મંતવ્યથી આગળ જવું એ અશક્ય છે. એ મંતવ્યની પહેલી મેર જતાં બુદ્ધિ કુણ્ઠિત ( કુંઠિત ) થઇ જાય છે. વસ્તુઓનાં કાર્ય અને સ્વરૂપ વિષે કંઇ પણ વિશેષ વિવાદ નિરર્થક થઇ પડે છે, વસ્તુઓનાં સાહજિક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતાં એ વિષે વિશેષ વિચારણા તદ્દન અયુક્તિક જણાય છે.

સર્વ વસ્તુઓની પ્રાગટય (આવિષ્કાર) માટે તીવ્ર ઇચ્છા અર્થાત્ કુદરતની મહેચ્છાએથી કુદરતમાં નિયમિતતા અને વ્યવસ્થા પ્રવર્તે છે એમ કોઈ પણ પ્રકારની આશંકા વિના કહી શકાય. કુદરતની પ્રધાન ઇચ્છાને કારણે વસ્તુઓનું કાર્ય નિદર્શન નિયમતિ રીતે થાય છે. પ્રકૃતિના મહાન્ સંકલ્પવશાત્ કુદરતનું કાર્ય નિયામત અને વ્યવસ્થિત રીતે ચાલે છે.* [ ચાલુ ]

* ઇશ્વરની આજ્ઞાથી કુદરતની નિયમિતતાનું પાલન થાય છે એમ સૃષ્ટિ-કર્તૃત્વ-વાદીઓ માને છે. ઇશ્વરની આજ્ઞા વિના કશુંયે બનતું નથી એવો ઇશ્વરને જગતના કર્તા તરીકે માનનારાઓનો દૃઢ અભિપ્રાય છે, પણ વસ્તુઓનાં સ્વભાવમાં ભિન્નતા શાથી પ્રવર્તે છે એ પ્રશ્નનો જવાબ ઇશ્વરને સૃષ્ટિનો કર્તા માનનારાઓથી આપી શકાતો નથી. જો જગત ઇશ્વરની આજ્ઞાથીજ ચાલતું હોય તો વસ્તુઓના સ્વભાવમાં ભિન્નતા ન સંભવે. વસ્તુઓનો સ્વભાવ ભિન્નભિન્ન હોવાથી દરેક વસ્તુનું કાર્ય ભિન્નભિન્ન છે એ આપણે સ્પષ્ટ રીતે જોઇએ છીએ. એક વસ્તુથી બીજી વસ્તુનું કાર્ય થઇ શકતું નથી. પાણીથી અગ્નિનું અગ્નિથી હવાનું અને હવાથી બુદ્ધિનું કાર્ય થઇ શકતું નથી. દરેક વસ્તુનાં કાર્ય આ પ્રમાણે પરસ્પર ભિન્નભિન્ન છે. પાણીથી અગ્નિનું કાર્ય થઇ શકે કે અગ્નિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

લે૦ રા. “ સુશીલ ”

## જૈનમાંથી રામાનુજ.

એક દિવસે અચાનક એક જુનું પુસ્તક જોવા બેઠો. એનું નામ હતું દયાનંદ ચરિત; દેવેન્દ્રનાથ નામના એક બંગાલી વિદ્વાને, ઇ. સ. ૧૮૯૮ માં એ છપાવ્યું હતું.

સ્વ. દયાનંદ સરસ્વતીનું નામ આજે કોઇથી અજાણ્યું રહ્યું નથી. માત્ર કુતૂહળની ખાતર જીવનચરિત્રના પાના ફેરવતો હતો.

એક સ્થળે “ જૈન ” શબ્દ દેખાયો: એ ફુટનોટ હતી, વધુ આગળ વાંચવાનું દીલ થયું. વાંચતાં થોડો આઘાત પણ થયો. જૈન સમાજ એક ક્ષયરોગથી પીડાતા દર્દીની જેમ કેવો વિનાશ તરફ ઘસી રહ્યો છે અને હવે દિવસે દિવસે એ રોગ કેટલો જુનો બનતો જાય છે એ વાત એ પ્રસંગે

---

વાયુનું કાર્ય થઇ શકે એ કદાપિ સંભવિત નથી, એવી કલ્પના પણ વિવેકશુન્ય છે એમ ખાત્રીથી કહી શકાય. દરેક વસ્તુનું કાર્ય વિભિન્ન છે અને કોઇ વસ્તુથી બીજી વસ્તુનું વિશિષ્ટ કાર્ય શકય નથી એવી માન્યતા આ રીતે ફલિત થાય છે. દરેક વસ્તુને પોતાનું ખાસ કાર્ય હોવાથી તેની કાર્યશકિતનો વિનાશ થાય તો તેનું અસ્તિત્વ ક્ષણ પણ રહી શકે નહિ. દાહક શક્તિ અને ઉષ્ણતાની ઉપાદાન શકિતનો અગ્નિમાંથી સંપૂર્ણ હ્રાસ થાય તો અગ્નિનું અસ્તિત્વ ન જ રહે. કોઇની આજ્ઞા વિના વસ્તુઓથી પોતપોતાનું કાર્ય થઇ શકતું નથી એવી માન્યતાનો સ્વીકાર ઇષ્ટ નથી એ માન્યતાનો સ્વીકાર કરતાં જ વસ્તુઓનાં કાર્ય માટે ઇશ્વરની આજ્ઞાથી આવશ્યકતા સ્વીકારવી પડે છે. વસ્તુઓનું કાર્ય નિશ્ચિત સ્વરૂપનું હોવાથી તેમનાં સમકાલીન અસ્તિત્વ અને અનસ્તિત્વની દ્રષ્ટિએ વિચારતાં ઇશ્વરની આજ્ઞાની આવશ્યકતાનો પ્રશ્ન સ્વયમેવ અયુકિતક થઇ પડે છે. વસ્તુઓના કાર્યમાં કોઇથી હસ્તક્ષેપ થઇ શકતો નથી એ આ ઉપરથી નિષ્પન્ન થાય છે (The practical path, p. p. 6-7 foot-note)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરીથી સમજાઇ. પણ હું કઇં ટીકા કરૂં તે કરતાં મૂળ લેખકના શબ્દોમાં જ જૈન સંઘનાં રોગચિન્હ બતાવું એ વધુ ઠીક ગણાય. શ્રી દેવેંદ્રનાથ મુખોપાધ્યાય, પાદટીકામાં આ પ્રમાણે લખે છેઃ—

" મથુરાનો પ્રસિદ્ધ શેઠ વંશ, પ્રથમ જૈન ધર્મનો અનુયાયી હતો એ વાત તો ઘણા જાણે છે. ઓનરેબલ લક્ષ્મણદાસ શેઠના પિતા રાધાકિસનદાસ એક ધર્માનુરાગી સજ્જન હતા. એમને જૈનધર્મથી પૂરો સંતોષ ન થયો. બીજા ધર્મોના રહસ્ય શોધવા માંડ્યા. આખરે એમણે એક રંગાચારી નામના ગુરૂ પાસે રામાનુજ સંપ્રદાય સ્વીકાર્યો. રાધાકિસનના નાના ભાઈ પણ એ સંપ્રદાયમાં ભળ્યા. માત્ર સૌથી મોટા ભાઈ જૈનધર્મમાં સ્થિર રહ્યા. "

" રાધાકિસન અને એમના નાના ભાઇએ બન્નેએ મળીને ઇ. સ. ૧૮૪૩ માં ત્રણ લાખ રૂપીઆ ખરચીને વૃંદાવનમાં એક રામમંદિર બંધાવ્યું. રંગાચારી ગુરૂને એ મંદિરના અધિષ્ઠાતા નીમ્યા. પણ પછી એ મંદિર ન્હાનું પડયું, સમાવેશ ન થઈ શકયો. તેથી પીસ્તાલી (૪૫) લાખ રૂપીયા ખરચી બીજું એક મંદિર બંધાવ્યું. વૃંદાવનમાં એ મંદિરને શેઠનું મંદિર કહેવામાં આવે છે. આ મંદિર બંધાવવામાં બરાબર દસ વરસ લાગ્યા હતા. મંદિર, મૂર્ત્તિ, ઘરેણાં વગેરેની પાછળ બધું મળીને શેઠે એક કરોડ રૂપીયા ખર્ચ્યા હતા. " જૈન કૂળમાં જન્મેલા એક શ્રીમંત શ્રાવકની આ ઉદારતા હતી. એ ગૃહસ્થ શ્રાવક જ રહ્યા હોત—રામાનુજના અનુયાયી ન બન્યા હોત તો મથુરાના પ્રાચીન જૈન મંદિરો અને તીર્થ પાછળ એ ધન વપરાત અને જૈનધર્મનાં બીજાં ઘણાં ઉપયોગી અવશેષો પણ શોધી શકાત.

પણ રૂપીયાને આજે કયાં રોઇએ ? જૈન સંઘના પુણ્યે કરોડો કરતાં પણ ઘણું વધારે દ્રવ્ય મંદિરો વિગેરે પાછળ ખરચાયું છે. અફસોસ એક જ વાતનો થાય છેઃ જૈન સમાજે પોતાનો એક ઉદાર, ધનવાન, સંસ્કારી સાધર્મીબન્ધુ ગુમાવ્યો, શેઠ રાધાકીસનનું કુટુંબ જૈનત્વના સંસ્કાર યોગ્ય સમયે મેળવી શકયું હોત તો સંભવિત છે કે એમની દ્વારા બીજાં ઘણાં ધર્મકાર્યો થઇ શકયાં હોત.

જૈન શાસનનો મધ્યાન્હ જે જે સ્થાનોમાં તપ્યો હતો ત્યાં આ પ્રમાણે આજે શૂન્યતા છવાતી જોઇ રહ્યા છીએઃ જૈન ધર્મના મુખ્ય કેંદ્રો દિવસે દિવસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાલી થતા જાય છે. ધર્મોના સાર્વભૌમ સમ્રાટ જેવું જૈન દર્શન જાણે કે પોતાનું સિંહાસન ખાલી કરી ગુજરાત તરફ ચાલી નીકળે છે.

એ જ પુસ્તકમાં બીજી પણ હકીકત લખી છે. શેઠ રાધાકીસનની લાખોની સંપત્તિનો આખરે દુરૂપયોગ થયો. રંગાચારીનો પુત્ર શ્રી નિવાસાચારી બહુ શિથિલ ચરિત્રવાળો પુરવાર થયો. વંશપરંપરા અપાતા ધાર્મિક અધિકારો કેવા ભયંકર નિવડે છે તે શ્રીનિવાસે બતાવી આપ્યું. શેઠ રાધાકીસનની ધર્મસંપત્તિ ટ્રસ્ટીઓના હાથમાં ચાલી ગઇ.

જે રાધાકીસન શેઠે, યોગ્ય ઉપદેશના અભાવે, સંસ્કારના અભાવે પોતાના કૂળધર્મ–જૈનધર્મનો ત્યાગ કર્યો, જેમણે આત્માની શાંતિ કે કલ્યાણને અર્થે સારી જેવી સંપત્તિ દેવમંદિર અર્થે ખરચી; તેઓ જો વધુ વખત જીવ્યા હોત તો પોતાની સંપત્તિનો દુરૂપયોગ જોઇને જરૂર ખિન્ન બનત. એજ દ્રવ્ય જો કોઈ જૈન સંસ્થામાં ખરચાયું હોત તો કદાચ આ રીતે વેડફાઇ ન જાત એમ પણ એમને લાગત.

પરન્તુ એ બધી કલ્પનાઓ છે. આપણે નોંધ નથી રાખતા; પણ સેંકડો કે હજારોની નહીં પણ લાખોની સંખ્યામાં આપણે આવા જૈન કૂળમાં જન્મેલા પણ પાછળથી ઈતર ધર્મમાં ભળેલા રાધાકીશનો ગુમાવ્યા હશે !

મથુરાની વાત બહુ દૂરની ગણાય. બે એક વરસ ઉપર એક જૈનેતર દક્ષિણી વિદ્વાને પણ એ જ મતલબની વાત ઉચ્ચારી હતી. એમના પોતાના જ શબ્દોમાં સંભળાવું.

“ हल्लीचे विष्णुधर्मी जे आहेत ते पूर्वीचे जैनधर्मीच होत. ऊदाहरणार्थ सातारचे हल्लींचे कंठीवाले विष्णुधर्मी आहेत ते चालीस वर्षामार्गे जैनधर्मीच दोते । पुण्याचें श्रीमान् माडीवीले, विष्णुदास, टिकमदास, रामदास कापडवाले हे साढ वर्षीमागें जैनच होते त्यानांच विचारुन पहावें । जेवढे ह्मणून शाकाहारी लोक आहेत ते जैनधर्मांतूनच विष्णुधर्मी रामानुज, वल्लभाचार्यंच्या वेळीं गेले आहेत. आणि ह्मणून च ते वैदिक मार्गांत असून शाकाहारी राहिहेले. नाहिंतर यज्ञांत कधींच त्यांनी भाग घेतला असता: ( लेखक कीर्त्तनकार चोपडे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખક પોતે જૈન નથી. પણ કેવા સંયોગોમાં જૈન કુટુંબો વૈષ્ણવો–શૈવો બન્યા તેનો ઇતિહાસ જાણે છે. નામ ઠામ સાથે તેની વિગતો પણ રજુ કરે છે. તેઓ કહેવા માગે છે કે જે વૈષ્ણવો વિગેરે માંસાહારથી અલિપ્ત રહ્યા છે તે બધા નહીં તો તેમાંનો મ્હોટો ભાગ જૈન ધર્માવલંબીઓનો જ હોવો જોઇએ; એટલે કે ધર્મપરિવર્ત્તન કરવા છતાં તેઓ પોતાના સ્વભાવમાં અને સંસ્કારમાં રહેલી અહિંસાને હજી લગી વળગી રહ્યા છે. એ લેખક વધુમાં એમ પણ કહે છે કે હિંદુસ્થાનની સંસ્કૃતિના મૂળ ઉત્પાદક અને પોષક જો કોઈ હોય તો તે જૈનો જ છે. હિંદુ શબ્દ તો પાછળથી આવ્યો છે. આપણે એ વિષયમાં અહીં નહીં ઉતરીએ. મૂળ મરાઠી લખાણનો ભાવાર્થ આ પ્રમાણે છે.

" હાલમાં જે વિષ્ણુધર્મીઓ છે તેમાં મ્હોટે ભાગે જૈન કુળના જ કુટુંબો છે. દાખલા તરિકે સતારામાં હાલ જે કંઠીવાળા વિષ્ણુધર્મી છે તે આજથી ચાલીસ વર્ષ પહેલાં જ જૈનધર્મી હતા. પુનાના શ્રી માડીવાળા વિષ્ણુદાસ, તિકમદાસ, રામદાસ કાપડવાળા એ સૌ સાઠેક વરસ પહેલાં જૈન-ધમી હતા; અને એમને પૂછવાથી તેઓ પણ એ વાત કબૂલ કરે છે. જેઓ પૂર્વે જૈન હતા તેઓ અન્ય ધર્મમાં જવા છતાં પણ શાકાહારી રહ્યા છે. ખરેખર જ જેઓ યજ્ઞ–યાગાદિમાં માને છે તેઓ એક યા બીજી રીતે માંસાહારી બને છે. જૈનો બીજા ધર્મમાં જવા છતાં પણ શાકાહારી રહે છે. શાકાહાર એ જ, જૈનત્વનું મુખ્ય અવશેષ છે." રા. કીર્ત્તનકાર ચોપડેનું આ અવલોકન પક્ષપાત રહિત છે. વધુ બારીક તપાસ કરવામાં આવે તો મ્હોટી મ્હોટી જૈન જાતિઓ કોઇ અકળ કારણે અન્ય ધર્મમાં ભળી ગયેલી હોવાનું પુરવાર થયા વિના ન રહે; ઐતિહાસિકોએ દાખલા દલીલોથી એ વાત બતાવી આપી છે.

યોગ્ય ઉપદેશ અને સંસ્કારના અભાવે જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા રોજ રોજ ઘટતી જાય છે. સામાજીક અને આર્થિક કારણોની પરંપરા પણ એ વિનાશમાં મ્હોટો ભાગ ભજવી રહી છે. જૈન ધર્મના ઉપદેશકો જો સંગઠન કરી એક એક પ્રાંતમાં પોતાની ઉપદેશધારા વરસાવે તો હજી પણ કરમાયેલા વંશવેલા પુનઃ પ્રફુલ્લિત બન્યા વિના ન રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ.

આજે આપણે શ્રાવક–શ્રાવિકાને ઉદ્દેશી પ્રતિદિન કરવાના જે ષટકર્મ દર્શાવાયા છે એમાંના પાંચમા તપ કર્મ પર વિચારણા કરતાં આવી પુગ્યા છીએ. જૈન દર્શનમાં તપનું સ્થાન અતિ ગૌરવભર્યું છે, એટલે જ દૈનિક કાર્યોમાં એનું સ્થાન આવશ્યક માનવામાં આવ્યું છે.

તપનો અર્થ વિચારતાં જણાય છે કે 'જે કર્મોને તપવે તે તપ.' વાત પણ સાચી છે. કેટલાક પદાર્થો પરસ્પર એવી રીતે મળી ગયા હોય છે કે જેમને છૂટા પાડવા હોય તો અગ્નિમાં ખૂબ તપાવવા જોઇએ, ત્યારે જ તેમનું એકમેકપણું ટળી જાય. અનાદિ કાળના આત્મા સાથે એકરૂપ બનેલા કર્મ-પુદ્ગલોને વિખેરવામાં–બાળીને ભસ્મીભૂત બનાવવામાં આ તપ અગ્નિની ગરજ સારે છે.

તેથી એ તપરૂપ મહાઔષધની કિંમત આંકતાં એક સ્થળે કહેવામાં આવ્યું છે કેઃ—

यद् दूरं यद्दुराध्यं, यत् सुरैरपि दुर्लभम् ।
तत्सर्वं तपसा साध्यं, तपोहि दूरातिक्रमम् ॥

એટલે કે જે સાધ્ય અતિ દૂર છે અને જેની આરાધનામાં કષ્ટનો પાર નથી, વળી જેને દેવતાઓ પણ સાધી શકતા નથી તે સર્વને 'તપ' સાધી શકે છે. અર્થાત્ તે સર્વ પ્રકારની મુશ્કેલીનો પાર તપ દ્વારા કરી શકાય છે, પણ એ તપનું સેવન સહેલું નથી. યાદ રાખવાનું છે કે તપ એટલે લાંઘણ કિંવા એક દિન ભૂખ્યા–તરસ્યા પડી રહેવું એવો અર્થ અહીં લેવાનો નથી. વળી ગમે તે રીતે કાયાને કષ્ટ પહોંચાડવું અથવા તો કૃત્રિમ પીડાઓ ઉપ-જાવી એ સહન કરવામાં દેહને અભ્યાસ પાડવો એમાં તપ કર્યાની ઇતકર્ત-વ્યતા આવી નથી જતી. દેહદમનના એ અજ્ઞાનતાભર્યા પ્રકારો માત્ર છે! એને જૈન દર્શનમાં મહત્ત્વ નથી આપવામાં આવ્યું. પ્રખર યોગી આનંદઘનજી શ્રી ઋષભદેવના સ્તવનમાં એવી જાતના દેહદમન માટે રોકડું પરખાવી દેતાં વદે છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન પાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ.

તપ કરણીમાં જ્ઞાનનો સહકાર હોવો જોઈએ. સમજ વગરની કરણી ભવપારઉતરણી નથી બની શકતી; કેટલીક વાર તે ઉલટી વિટંબણારૂપ થઇ પડે છે. તેથી તપના લક્ષણમાં 'ઇચ્છાનિરોધ'ને ઉમેરવામાં આવેલ છે. વિવિધ પ્રકારની તૃષ્ણાઓ–લાલસાઓ પર સમજીને કાબૂ આણવો. એ લાલસા-અંકુશને અવગણી, સ્વચ્છંદતાથી છુટી કરી આત્માને દબાવી દે અને આત્માનું અધઃપતન કરાવી દે તેને બદલે આત્મા એને દબાવી શકે, એમાં રહેલી આસક્તિ કમી કરે અને એ રીતે પોતાનું સામર્થ્ય જમાવે એ જ ઇચ્છાનિરોધ અર્થાત્ તપનું સત્ય સ્વરૂપ.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ તપપદની સ્તુતિ કરતાં કહે છે કેઃ–

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આત્મા, વર્તે નિજગુણ ભોગે રે.

તે જ સાચો તપ કે જેનાવડે ઇચ્છાઓનો રોધ થાય છે અને એમ થવાથી સંવરની પ્રાપ્તિ થાય છે યાને કર્મોના આગમન ઉપર અંકુશ પડે છે. સમતા–સમભાવ રૂપ પરિણામની વિકસ્વરતા થતાં આત્મા પોતાના સ્વભાવમાં વર્તવા માંડે છે અને આ રીતે કર્મોનું ઉન્મૂલન કરવાની ક્રિયાઓ એક પ્રકારનો તપ નહિ તો બીજું શું છે? એટલે તપમાં જ આત્મસાક્ષાત્કાર સમાયેલો છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ જેવું નથી.

એક જગાએ એટલે સુધી કહેવામાં આવ્યું છે કે નિકાચિત કર્મોનો અંત ભોગવ્યા સિવાય આવતો નથી, છતાં એવા નિકાચિત કર્મોને પણ પાતળા પાડવાની–નહિવત્ બનાવી દેવાની જાજ્વલ્યમાન વિદ્યુત્ જેવી શક્તિ તપમાં સમાયેલી છે

'**જે તપ કર્મ નિકાચિત તપવે**' એ લીંટી તપનું અનેરૂં મહાત્મ્ય સૂચવે છે કે બીજું કંઈ?

તપની મહત્તા કેટલી વર્ણવી શકાય? આત્માના મૂળ ગુણોમાં જ્ઞાન-દર્શન અને ચારિત્ર ગણાય છે એ ચારિત્રમાં એનો અંતર્ભાવ થાય છે તેથી જ એનું નવમા પદ તરીકેનું સ્થાન સિદ્ધચક્રજીના યંત્રમાં છે. એ તપપદ કે જેના આરાધનથી મનવાંચ્છિત કામનાઓ ફળે છે એનું પ્રતિદિન કેવી રીતે સેવન કરવું એ જ આપણો પ્રસ્તુત વિષય છે. [ચાલુ]

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૬૨ થી શરૂ. )

**નવા જૈનો**–અમારી યાત્રા હસ્તિનાપુર તીર્થની યાત્રાથી સમાપ્ત થાય છે. આ છેલ્લી યાત્રાથી અમે ઘણા જ આનંદિત થયા હતા ત્યાં મંદિર ઉપર શિખરના કલશની માફક આ યાત્રા બધી યાત્રામાં કલશ સમાન નિવડી. અમને જે વિચારણા ઘણા વખતથી હતી કે નવા જૈનો કેમ ન વધે ? તે પ્રસંગ અહીં આવ્યો. વાત એમ બની કે દિલ્હીથી જ્યારે અમે હસ્તિનાપુરજી ગયા ત્યારે આ પ્રદેશના જૈનોને સમાચાર મળેલા, તેમાં બડોદનું મહાજન હસ્તિનાપુર વિનંતી માટે આવ્યું અને અમે જવાની હા પણ પાડી. અનુક્રમે મુશ્કેલીથી પણ અમે **સરધના** આવ્યા. અહીં દિગંબર જૈનોના ઘર ઘણાં છે પણ શ્વે. ઘર એક પણ નથી. શ્વે. સાધુને ઉતરવાનું સ્થાન પણ નથી મળતું. કટ્ટર દિગંબરી જૈનો છે એમાં અમે ત્યાં ગયા. બડોદવાળા ત્યાં આવ્યા હતા. અહીં અગ્રવાલોની વસ્તી છે, તેમાં દશા–વીશાના અને વૈષ્ણવ અને જૈનોના પણ ભેદો છે. દશા અગ્રવાલોનાં ઘરનાં જિનમંદિર છે–હતાં તેમાં વીસા દિગંબર જૈનોએ તેમને ધન અને સત્તાના મદથી મંદિરના પૂજન આદિના હક્કો રદ કરી માત્ર શુદ્ર જેવા ગણ્યા. તેમના હાથનું જળ ભગવાનને ન ચઢે એ તો હતું જ, તેમાં તેમના હાથનું પાણી પણ ન પીવું, હોકા પાણી બંધ કર્યાં અને મંદિર ઝુંટવી લીધાં. હવે દશા જૈનોએ વૈષ્ણવ અને આર્યસમાજ તરફ લક્ષ્ય દોડાવ્યું. આર્ય સમાજ તૈયાર જ હતો. મુખ્ય મુખ્ય અગ્રેસરોએ તો આર્યસમાજના સિદ્ધાંતો સ્વીકારી વ્યવહાર પણ તે મુજબ જ રાખ્યો છતાં તેમાંય મતભેદ હતો અને એમના ભેદે કલુષિત વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું.

આપસમાં કલેશ, ઈર્ષ્યા અને કુટ વધી. અમે ત્યાં ગયા ત્યારે બપોરે

---

૧ આ હસ્તિનાપુર ઠેઠ અમને બીનૌલી જતાં વચમાં **બરણાવા** ગામ આવે છે ત્યાંસુધી તેની હદ છે એમ કહેવાય છે. અહીં લાખા મહેલ છે જે તદ્દન લાખનો બનાવવામાં આવ્યો હતો. પાંડવો અહીં રાત્રે સુતા હતા અને પછી મહેલ બાળી નાંખવામાં આવ્યો હતો. પાંડવો અહીંથી નાસી નદી કિનારે થઈ અન્યત્ર ચાલ્યા ગયા હતા. તે સ્થાન, તે નદી બધું બ ાવવામાં આવે છે. લગભગ હસ્તિનાપુરથી ત્રીસ માઈલ આ સ્થાન હશે. અત્યારે આ લખામહેલ મસિદ બનેલ છે. બરણાવા ગામના મુસ્લિમ વિદ્યાર્થી કુરાન ભણે છે. એક વૃદ્ધ મૌલવી ભણાવે છે આમાં કેટલું સાચું છે એ નક્કી કરવું મુશ્કેલ છે. અમે પણ સ્થાન જોયું હતું પણ નિશ્ચય કેમ થઇ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ તે ઝઘડો ઉઠયો પરન્તુ શાસનદેવ અને ગુરૂદેવની કૃપાથી બધું જલ્દી શમી ગયું. બધા આપસમાં મળ્યા ઉપદેશ શરૂ કર્યો. મંડન પદ્ધતિએ માત્ર જૈન કર્તવ્ય, મનુષ્ય કર્ત્તવ્ય વિષય ચલાવ્યા. ઉપદેશની અસર થઇ. રાત્રે શ્વે. દિ. ની મુખ્ય મુખ્ય વિગતો, આચારવિચાર સમજાવ્યા. બરાબર ત્રણે સમય સ્હવાર, બપોર અને રાત્રિ ઉપદેશ–ચર્ચા ચાલુ રાખ્યાં. દિ. પંડિતો અને શ્રીમંતો પણ આવતા. ઉપદેશમાં કયાં તફાવત છે તે જોઇ ઝઘડવા ઇચ્છતા પણ અમે તક જ ન આપી. અહીં ઉપદેશ બરાબર ચાલુ હતો. આપસમાં ઝઘડો મટાડયો. બધાએ શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ સ્વીકારી વાસક્ષેપ લીધો. આબાલવૃદ્ધ બધાય બહુ જ ખુશી થયા. સત્યધર્મની પ્રાપ્તિથી ઘણો જ આ-હ્લાદ થયો. ૩૦ થી ૩૫ ઘર આપણાં શ્વે. મૂ. બન્યાં ત્યાંથી ખીવાઇમાં પણ ગયા અને થાનકમાં પ્રથમ જ મૂર્તિપૂજક સંવેગી સાધુ ગયા હતા–અમને ત્યાં લઇ ગયા. ત્રણ કલાક ઉપદેશ ચાલ્યો. ઘણા પલળ્યા. અનુક્રમે આ શુદ્ધિયજ્ઞની બધે ખબર પડી ગઈ. દિ. ચમકયા. અમારી સાથે તકરાર કરવાનું બાનુ શોધતા પણ અમે સાવધાન જ હતા. ઉપદેશમાં મંડન પદ્ધતિએ જૈનતત્ત્વજ્ઞાન જ આપતા. કોઈ પણ વિવાદગ્રસ્ત વિષયને સ્પર્શતા જ નહિં અને ચર્ચામાં બધું ચાલતું. શાંતિ અને સંયમ મુખ્ય રાખ્યાં હતા. પ્રશ્નો એવા વિચિત્ર કરે કે માણસને ગુસ્સો સ્વાભાવિક આવે પરંતુ અમે તો બસ ઉત્તર આપવો અને શાંત કરવા એજ વાત રાખેલી. દિગંબરોમાં પણ શ્વે. સાધુઓની વિદ્વત્તા ત્યાગ અને નિસ્પૃહતાની છાપ પડી. પછી તો બાગપટમાં પાંચ ઘર, મલકપુરમાં દશ ઘર અને ખેકડામાં ૩૫ ઘર તૈયાર છે. ઉપરના ગામવાળાઓ એ વાસક્ષેપ લઇ શ્વે. મૂ. પક્કા બન્યા છે. હવે ત્યાં મંદિર, ઉપાશ્રય અને પાઠશાળા માટે મદદની જરૂર છે સરધનાતેમાં મુખ્ય કિલ્લો ગણાતો. એ કિલ્લા-ના છિદ્રથી દિ. સમાજ બહુ જ ચોંકયો. એક બ્રહ્મચારીજીએ ત્યાં જઇ સત્યા-ગ્રહ કર્યો. તમને દસ હજાર રૂપિયા અપાવું, તમો નવું મંદિર કરો પણ શ્વેતાંબર ન બનો. ત્યાંના ભાઇઓએ સપ્રેમ કહ્યું: બાપ અને ગુરૂ એકજ હોય. તે બધા હલવાઇ કંદોઈ છે–તેમનો માલ ન લેવાનો ઠરાવ કર્યો છે પણ તેઓ મક્કમ છે. હજી બીજાં પાંચસો ઘર આપણા થવાને તૈયાર છે. દિગંબર વીસા પણ શ્વેતાંબર બનવા તૈયાર છે. બધાય સરધનાના મંદિરની રાહ જુએ છે.

બડોદમાં આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિજીના** ઉપદેશથી દશા અગ્ર-વાલોએ પણ શ્વે. મૂ. ધર્મ સ્વીકાર્યો છે. બધાય પક્કા અને ભકત છે. ત્યાં વિશા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

[ ગતાંક પૃષ્ટ ૧૬૩ થી શરૂ. ]

## સેવા અર્પણ કરનારાઓનો અભાવ.

જૈન કોમમાં કોઈ કોઈ ઠેકાણે એવું પણ વાતાવરણ ફેલાતું જોવામાં આવે છે કે જૈન કોમના લાખો રૂપીઆ કેળવણી પાછળ દરવરસે ખર્ચાતા

---

લમંદિર અને ધર્મશાળા બની ગયેલ છે. એકાદ વર્ષમાં પ્રતિષ્ઠા થશે. અહીં સ્થાનકમાર્ગી પણ છે. તે લોકો જિનમૂર્તિ નથી માનતા પરન્તુ તેમના જ મૃત સાધુઓ અને સાધ્વીઓના સ્તુપ ને ચરણ પાદુકા ને તેમના ફોટાઓને નમે છે અને માનતા માને છે અને ઘીનો દીપક, ધુપ, ફુલ અને નૈવેદ્ય પણ ચઢાવે છે. બડોદમાં ગામ બહાર દક્ષિણમાં બે સ્તુપ–અહીંના લોકો જેને નિસિહીયા કહે છે બે સ્તુપ છે. દશ ફુટ ઉંચાઇ છે ઉપર નામ છે **तपसी पूरनचंदजि** ૧૯૭૭ બીજી બાજુ **पूज मंगलसेनजि** ૧૯૭૭ બીજી સ્તુપમાં **सतीरुपोजि** ૧૯૪૦ ઉપર અષ્ટ કોણ છે. અકેક ખુણો ત્રણ વેંત અને ચાર આંગળ પહોળો છે. પછી પબ્લીક ગાર્ડનમાં બગીચામાં સ્તુપ છે દશ ફુટ ઉંચો છે **श्री. जस्सीरामजि महाराज** સાલ બરાબર નથી વંચાતી. આવી જ રીતે આગ્રામાં સ્થાનકવાસી પ્રસિદ્ધ સાધુ **રતનલાલજીની** તથા આર્યાજીની પણ પાદુકા છે. આ તો આપણી દાદાવાડીમાં જ છે તેમજ અંબાલામાં પણ સ્થાનકવાસી સાધુઓની પાદુકા છે. ફોટા તો પાર વિનાના પૂજાય છે. માત્ર જીનવરેન્દ્રની મૂર્તિ માનવામાં જ પાપ છે ? શું કાળ આવ્યો છે છદ્મસ્થ અલ્પજ્ઞ ગુરૂના ફોટા, પાદુકા અને સ્તુપ વંદનીય માત્ર જીનમૂર્તિ વંદનમાં પાપ ! અહીં નવકાર મંત્ર આખો ગણે છે અને મત્થેણ વંદામિ કહે છે. ગુજરાતમાં તેમ નથી ત્યાં તો અર્ધો નવકાર અને વાંદુ મહારાજ કહે છે. અહીં સ્વામીવાત્સલ્યના જમણમાં મહાપાપ માને છે. આપણા તરફથી સ્વામીવાત્સલ્ય હોય તો તેઓ ન આવે. સ્વામીવાત્સલ્ય નામ ન હોય તો આવે. દીલ્હી, આગ્રા અને યુ.પી.માં બધું આવું જ છે.

આ પ્રદેશમાં નવા જૈનો વધારી અમે દિલ્હી આવી ચોમાસું કર્યું. અહીં પણ ગન્તુરનું ડેપ્યુટેશન આવ્યું હતું, તેઓ પણ શ્વેતાંબરી બનવા તૈયાર છે અને આ યાત્રા અહીંજ સમાપ્ત કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવા છતાં, સેવાભાવી મનુષ્યો કેમ બહાર આવતા નથી? તે બાબત કેટલેક અંશે સત્ય છે; કારણ કે આપણામાં કેળવાએલ વર્ગમાં પણ આત્મભોગ આપી સેવા અર્પણ કરનારી વ્યકિતઓ તત્પર હોય તેવું જોઇ શકાતું નથી. મારા છેલ્લા પચીસ વર્ષના જાહેર જીવનના અનુભવ પછી જણાય છે કે આવી સ્થિતિમાં પણ કદાચ સામાન્ય સ્થિતિનો માણસ સેવાની પ્રવૃતિમાં જોડાય તો ઘણીવાર મશ્કરીરૂપ ગણાય છે અને કોઇ કોઈ વાર પ્રવૃતિ સ્વીકારનાર દુનિઆની દ્દષ્ટિમાં કદાચ આગળ દોડી જવા ઇચ્છતો હોય એવું પણ કોઇને જણાય છે. કોઈ કોઈ વાર ખરી–ખોટી આંતરદ્દષ્ટિથી સમાજને સેવાની પ્રવૃતિની પાછળ ડોકીઆ કરતો સ્વાથ દેખાય છે. કોઇ કોઇ વાર એમ પણ બને છે કે પ્રવૃતિના અગ્રેસર અગર તેનાથી બે પગલા ઉંચા બેઠેલાને એવું લાગે છે કે પોતે જે નથી કર્યું તે બીજું કોઈ કરી જાય અને દુનિઆની દ્દષ્ટિમાં કલ્પિત ઇનામ લઈ જાય તો પોતાની બુદ્ધિ પર તેથી અમુક પ્રકારનો આક્ષેપ આવે છે. આવી આવી અનેક જાતની મુશ્કેલીઓ વચ્ચે સામાન્ય માણસથી પ્રવૃતિનું સેવાકાર્ય હાથ ધર્યા પછી પણ મુંઝવણ રૂપે થઈ પડે તો જૈન કોમમાં સેવાના ક્ષેત્ર માટે કયાં સ્થાન છે? તે વિચારીણય પ્રશ્ન છે. કોઈ કોઈ સ્થળે મોટી મોટી કમીટીઓ અને હોદ્દેદારોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં હોય છે અને તેવે ઠેકાણે પ્રાયે કરીને બધાઓ સેવા અપર્ણ કરનારાઓ હોવાથી એમ પણ અનુભવ થાય છે કે "સત્તા અને સેવા" વચ્ચે દારૂણ યુદ્ધ થાય છે અને જેમાં કાંઈ સ્વાર્થ હોતો નથી. એવા સેવાના કાર્યમાં પણ આવી જાતની ભાવનાને લીધે દીવાદાંડીની માફક પ્રકાશ ફેલાવવાને બદલે લાલ બત્તી આડી ધરવામાં આવે છે. તેને લીધે જ જે સેવાનું કાર્ય હાથ ધર્યું હોય છે તેનો અવળી ગતીએ ઉપયોગ થવાથી સેવાભાવ વેડફાઇ જાય છે અને જે જનસમાજનું હિત કરવા આપણે બેઠા હોઇએ છીએ તેના મૂળમાં જ આપણે ઘા કરીએ છીએ, તે વસ્તુ ઉપરના સંજોગોમાં આપણે ઘણીવાર વીસરી જઇએ છીએ અને આવા બીનસ્વાર્થી કાર્યોમાં પણ પ્રમાણિક મત–ભેદોના ઉકેલ લાવી શકતા નથી, તેથી જ સેવાના કાર્યનો વિશાળ દ્દષ્ટિથી જનસમાજનું હિત કેમ સચવાય અને અંગત માન્યતાઓને જાહેર સેવાના કાર્ય સાથે સંડોવીને કોમના સાર્વજનિક હિતને નુકશાન ન પહોંચે તે કોમના નેતાઓ અને અગ્રેસરોએ વિચારવા જેવું છે.

## વસ્તી ગણતરીની જરૂરીઆત.

આપણને આપણી કોમનો વર્તમાન સ્થિતિનો અભ્યાસ બહુ જ થોડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારવાડમાં જૈનોની કેળવણી વિષયક આધુનિક સ્થિતિ.

## અમારી મારવાડની યાત્રામાં થયેલો અનુભવ.

સં. ૧૯૭૬ ની સાલમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સાદડીનાં અધિવેશન સમયે મારૂં મારવાડમાં આવવાનું બનેલું, અને તે સમયે જીજ્ઞાસુવૃત્તિથી આ દેશનાં કેટલાંએક ગામડાઓમાં ફરવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. અહીંનાં પ્રાચીન જૈન મંદિરો તથા તીર્થો, આ દેશની અતુલ જૈન સમૃદ્ધિ અને જૈનોનાં ગાઢ વસ્તીપ્રમાણુની સાક્ષી પૂરી રહ્યા હતા. રાણકપુર–મુછાળા મહાવીર–નાડોલ–નાડલાઇ–વરકાણા–કોરટા આદિનાં કરોડોની લાગતનાં જૈન મંદિરો જોતાં સર્વ કોઇને એમજ પ્રતીતિ થતી હતી કે પૂર્વકાળમાં આ પ્રદેશ જૈનમય જ હોવો જોઇએ, અને જૈનોની અત્યારની પણ મહાજન અને પંચ તરીકેની ગણતરી એમજ ભાન કરાવે છે કે રાજકાર્ય તેમજ ગામશાહી પંચ પંચાયતી આદિ મુખ્ય કાર્યોમાં જૈનોની જ પ્રાધાન્યતા હતી.

કાળ બદલાયો. જે દેશમાં યશોભદ્રસૂરિ, માનદેવસૂરિ, વિજયસેનસૂરિ આદિ સરસ્વતી–પુત્ર સમા પ્રગાઢ વિદ્વાન આચાર્યો થયા, ધન્નાશા–કર્માશા જેવા

---

હોવાથી સેવાભાવથી થતા પ્રયત્નો પણ અમુક પ્રણાલીકાબદ્ધ નિયમો કે વ્યવસ્થાને બચાવવા ખાતર નિરર્થક થઇ જાય છે તેથી આપણી કોમના સળગતા પ્રશ્નો શું છે તે દરેક જણ સમજે અને તેનો નિર્ણય કરવા ઉપાયો યોજે તેવી આકાંક્ષાથી આપણી કોમની વસ્તી ગણતરીની જરૂરીઆત દર્શાવનારો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે, કારણ કે આવી જાતની વસ્તી ગણતરીમાંથી જીવનને સ્પર્શતું સાહિત્ય પ્રગટ થશે, ભાવનાવાદી જીવનની ઉત્ક્રાંતિને પૃથ્વી પર ઉતારે તેવો આદર્શવાદ કાઢશે, વ્યવહાર ડાહ્યોમાણસ વ્યવહારના સ્વરૂપો વધુ સરસ રીતે સમજશે, તત્વજ્ઞાનીને જોઇતા સાધનો મળશે, સેવા જીવન શરૂ કરનારને પહેલો પોતે કોમનો આદર્શ નક્કી કરે માટે અત્યારના સંસારમાં માનવજીવનનું નિરીક્ષણ કરવાનું બની શકશે અને તેમાંથી અનેક સેવાના કાર્ય માટેના ક્ષેત્રોમાં પડશે. પ્રવૃતિના સિદ્ધાન્તો, કાર્ય કરવાની શક્તિની પ્રેરણા, બંધુભાવનાની લાગણી અને વ્યવસ્થિત સમાજ જીવનના આદર્શો આ બધું પોતાની મેળે માત્ર અભ્યાસથી શીખી શકાશે એટલું જ નહિ પણ આપણું સંસારિક ગૃહજીવન કઇ સ્થિતિમાં છે તેમ જ તેમાં સમાયેલ મુશીબતો નજરે નિહાળશે એટલે આવા દુઃખો દૂર કરવા માટે બનતું થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મપ્રેમી લક્ષ્મીપુત્રો જે દેશમાં વસતા હતા ત્યાં સરસ્વતી દેવીની ઉપાસના ભૂલાતાં, અવનતિનાં ચિન્હો દૃષ્ટિગોચર થવા લાગ્યા અને ગુજરાત, કાઠિયાવાડ, દક્ષિણ આદિની હાલની ઓસવાળ, પોરવાળ, શ્રીમાલ આદિ જૈન જાતિયોની જન્મદાત્રી મરૂભૂમિમાં ઉત્તરોત્તર જૈનત્વનાં પૂર ઓસરવા લાગ્યા અને એટલી બધી ક્ષતિ થઇ જવા પામી કે આજ રૂપીયામાં બે આની માત્ર જૈન વસ્તી રહી છે અને જૈનોથી ઉભરાતા શહેરો જૈનો વિનાનાં ઉજ્જડ જેવા બની ગયા છે. જૈનોની અપૂર્વ જાહોજલાલીનાં ચિન્હ સ્વરૂપ અરિહન્ત દેવોનાં ભવ્ય જૈન પ્રાસાદો વેરણ અને કેટલેક ઠેકાણે અપૂજ્ય હાલતમાં એકલા પડયા છે.

અત્યારનાં મારવાડની આ પરિસ્થિતિનો કરૂણાજનક હેવાલ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ કોન્ફરન્સનાં આ અધિવેશન સમયે પધારેલ કચ્છી–કાઠિયાવાડી, ગુજરાતી અને દક્ષિણી પાઘડીઓને હૃદયંગમ શબ્દોમાં સંભળાવ્યો હતો અને તેઓને પોતાની જન્મભૂમિની તથા જન્મભૂમિમાં વસતા જૈન ભાઇઓની સંભાળ લેવા પ્રેરીત કરતા તેઓશ્રીએ આ સ્થિતિનું એક માત્ર મુખ્ય કારણ વિદ્યાવિહીનતા બતાવેલ. તેઓએ આગળ ચાલતા જણાવેલું કે મરૂભૂમિની અજ્ઞાનતા તમારા બધાથી છાની નથી. અહિંનાં શ્રાવકો વહીખાતાનાં જ્ઞાન માત્રથી જ કેળવણીની ઇતિશ્રી માને છે. અત્રેની પ્રજાને નથી ધર્મનું જ્ઞાન, નથી કર્તવ્યાકર્તવ્યનું ભાન, તેમ નથી તેમને ધર્મ, જાતિ અને દેશનું અભિમાન. અને આ બધાની સંભાવના હોય પણ કયાંથી ? જયાં કેળવણીનો છાંટો સરખો ય ન હોય ત્યાં ઉપરોકત વાતો આકાશ-કુસુમવત્ છે. ગુજરાત–કાઠિયાવાડ આદિ દેશોમાં જ્યારે ગામડે ગામડે અછૂતો માટે પણ સ્કુલનાં સાધનો છે ત્યારે આ દેશમાં મોટા ગણાતા સાદડી જેવા જૈનોનાં એક હજાર ઘરની વસ્તીવાળા શહેરમાં પ્રાથમિક શાળાનાં પણ દર્શન દુર્લભ છે તો પછી બીજા ગામની શું દશા હોય તેની કલ્પના સહજ થઇ શકે તેવી છે; પરંતુ યાદ રાખશો કે જેમ બીજા પ્રદેશોમાં અછૂતોની અજ્ઞાનતા અને અનાથદશાનો લાભ લઇ અન્ય ધર્મીયો, કે જેમનાં ધર્મનું નામનિશાન પણ આ દેશમાં નહોતું તેમણે પોતાના વસ્તીપ્રમાણનો વધારો કર્યો અને એવા ધર્મના ઉપાસકોની સંખ્યા લાખો ઉપર વધતી ચાલી છે તે જ સ્થિતિ આ દેશમાં જૈનોના સંબંધમાં થવી શરૂ થઈ છે. અન્ય ધર્મીઓના છૂપા થાણાઓ આ દેશમાં સ્થાપિત થઈ ચૂકયા છે અને આવા જ કારણોએ જૈનોથી ઉભરાતો આ દેશ અત્યારે મુઠીભરની સ્થિતિમાં આવી પડયો છે, છતાં પણ આ મુઠીભરને પણ ગ્રાસ થતા બચાવવા હોય તો સવેળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેતો, તેમને ન્યાતિ, જાતિ અને ધર્મના ગૌરવને ઓળખાવનારા સાધનો આપો, નહિં તો કાળનાં ઘસારા સાથે બહુ જ ટૂંકા સમયમાં આ પ્રદેશ જૈનો વિનાનો થઈ જશે અને મેવાડ આદિ દેશોમાં જેમ બન્યું છે તેમ સારસંભાળ લેનારાઓનાં અભાવે જૈન મંદિરો ઉજ્જડ બનશે અને દેવમંદિરોનો ઉપયોગ ન કરી શકાય તેવા કાર્યોમાં થવા માંડશે.

સભામાં ઉપસ્થિત દેશધર્મની દાઝવાળા ગોલવાડ પ્રાન્તીય આગેવાનોને આચાર્યશ્રીનું ભાખેલું આ પ્રાન્તનું ભયંકર ભવિષ્ય તાદ્રશ્ય સમજાયું અને તેઓએ ભવિષ્યની ભયંકરતામાંથી બચાવવા આચાર્યશ્રીને પ્રાર્થના કરી અને સહાયકની માગણી કરી. સહાયકની માગણીથી આચાર્યશ્રી પણ મુંઝવણમાં પડ્યા, પરંતુ દેશનું ભાવી પણ લક્ષ બહાર કાઢી શકાય તેમ નહતું. તેઓશ્રીએ દયાજનક શબ્દોમાં કહ્યું: હજુ પણ લક્ષ્મીદેવીની કૃપા તમારા ઉપર છે પરંતુ તેનો સદ્વ્યય તમારામાં નથી. તમારી લક્ષ્મીનો પ્રવાહ હવે માત્ર લાડુ ઉડાવવામાં નહિં કરતાં તમારા દેશમાં સ્થળે સ્થળે વિદ્યામંદિરો સ્થાપવામાં કરો, તમારા બાળકોને સદ્જ્ઞાન આપો અને ધર્મ તેમજ મનુષ્યત્વનું ભાન કરાવો. થોડા સમય માટે હું તમારી સાથે જ છું અને પછીથી આ લલિત ( પંન્યાસજી લલિતવિજયજી ) તમોને માર્ગદર્શક અને સહાયક બનશે.

આ સમયે પંજાબની પરિસ્થિતિ તાદ્દશ્ય થઇ. પંજાબમાં જૈનત્વનું ભુસાતું નામ પ્રાતઃસ્મરણીય આચાર્યદેવશ્રી વિજયાનંદસૂરિજીએ ટકાવ્યું, આચાર્યશ્રીની અંતિમ સ્થિતિમાં પંજાબી ભાઈઓએ કરૂણાજનક શબ્દોમાં અરજ કરી હતી કે આપની પાછળ અમારી સંભાળ કોણ લેશે ? તે વખતે સદ્ગત ગુરૂદેવે **વલ્લભ** તમારી સંભાળ લેશે એમ શબ્દો ઉચ્ચાર્યા હતા. અને આજ સુધી તેઓશ્રીએ તે આજ્ઞાનું પાલન કર્યું. ગુજરાતી સાધુને જેમ પંજાબનો ભાર સોંપાયો તે જ પ્રમાણે પંજાબી સાધુને મારવાડનો ભાર સોંપાયો અને પં. શ્રી લલિતવિજયજીએ ગુરૂઆજ્ઞા શિરોધાર્ય કરી.

આચાર્યશ્રીએ દેશભરમાં પરિભ્રમણ શરૂ કર્યું અને દેશભરને ઉપયોગી એવા એક વિદ્યામંદિરની સ્થાપના નિમિ-તે રૂા સાડાત્રણ લાખનું ફંડ લખાવ્યું પરંતુ દેશનાં ભાગ્ય વિકસવાને હજુ થોડો અંતરાય હતો. સંઘમાં નજીવા કારણે મનોમાલિન્ય થયું અને આચાર્યશ્રી આવશ્યક કાર્યોને કારણે પંન્યાસજીને સમાધાનનું કામ સોંપી અન્યત્ર વિહાર કરી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંન્યાસજીની મુંઝવણ વધી. આ તેમની આકરી કસોટીનો સમય હતો. અજાણ્યો અપરિચિત અજ્ઞાનાવૃત દેશ ! શું કરવું તેની સુઝ પડે નહિ, પરંતુ પ્રભુનાં નામ ઉપર, ગુરૂદેવની આજ્ઞાનાં બળ ઉપર ઝંપલાવ્યું અને ગમે તે પ્રકારે ગુરૂદેવનો પરિશ્રમ વ્યર્થ ન જાય તે માટે ગામે ગામ ફરવા માંડયું અને આગેવાનોને વચન આપેલા દ્રવ્યનો સદુપયોગ કરવાને સમજાવ્યાં. તેનાં ફળસ્વરૂપ પ્રાન્તીય કેળવણી ફંડની વ્યવસ્થા પોતપોતાના ગામમાં કરવા નક્કી થતાં સાદડી, ખુડાલા, બાલી આદિમાં વિદ્યાલયો સ્થાપિત કરવામાં આવ્યા અને બીજા ગામોએ પણ પ્રાથમિક શાળાઓ પોતાના ગામોમાં ખોલી.

આટલું થવા છતાં પણ પંન્યાસજીને આચાર્યશ્રીની પ્રાન્તીય વિદ્યા-મંદિરની ભાવના સફળ કરવાની તાલાવેલી હતી જ. છ વર્ષના અથાગ આંદોલન પછી તેમને તેમાં સફળતા મળી અને પરિણામરૂપ આચાર્યદેવની અનુમતિથી વિના પૈસે, વિના મકાન અને નામ માત્રનાં માગ્યા વિદ્યાર્થીઓથી **શ્રી વરકાણાજી** તીર્થ પર **શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલયની** પ્રાન્તીય આગેવાનોની અનુમોદનાથી સ્થાપના કરવામાં આવી. આ જ આ સંસ્થા હાઇસ્કુલ સુધી પહોંચવાની તૈયારી કરી રહી છે. સંસ્થાદ્વારા આજ સુધીમાં અનેક બાળકોએ ધાર્મિક જ્ઞાન સાથે વ્યવહારિક કેળવણી પણ સંપાદન કરી છે અને લગભગ ૨૦૦ વિદ્યાર્થી આજ લાભ લઈ રહેલ છે.

અનેક આઘાત–પ્રત્યાઘાત વચ્ચે આ સંસ્થાના મૂળો ઉંડા ગયા પછી એક જ જ્ઞાન–બગીચાથી સમસ્ત દેશને સુવાસ પહોંચાડી શકાય નહિં એમ અનુભવી પંન્યાસજી મહારાજે દેશનાં બીજા ખુણા તરફ દ્રષ્ટિપાત કર્યો અને **ઉમેદપુરમાં** આવા બીજા જ્ઞાનોદ્યાનની સ્થાપના કરી અને **શ્રી પાર્શ્વનાથ ઉમેદપુર જૈન બાળાશ્રમ** નામ રાખ્યું. આજ તે સંસ્થાદ્વારા ૧૨૫ વિદ્યાર્થી જ્ઞાનનો આસ્વાદ લઇ રહ્યા છે.

પેપરોમાં આ હકીકતો હું રસપૂર્વક વાંચતો અને ગુરૂ આજ્ઞાધારક પંન્યાસજીને મનોમન ધન્યવાદ આપતો. તદુપરાંત પેપરોમાં આવતા આ પરિશ્રમી, નિસ્વાર્થ સેવક સામેના આક્ષેપો પણ હું વાંચતો ત્યારે મને વાસ્તવિકતા નજરે જોવાની સ્વાભાવિક ઈચ્છા થઇ આવતી પરંતુ વ્યવહારિક રોકાણને અંગે અનેક અડચણો આવી પડતી અને તીવ્ર ઇચ્છા હોવા છતાં મારાથી બહાર નીકળી શકાયું નહિં અને મારા મનનાં મનોરથ મનમાં જ રહી ગયા હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખરે મારી ભાવના પાર પડી. ચાલુ સાલે કારતક માસમાં શ્રી કેશરીયાજીની યાત્રા નિમિત્તે મારે બહાર નીકળવાનું થયું અને પંદર વરસ બાદ પણ મારવાડમાં ફરવાનો લાભ મળ્યો. હું પંચતીર્થીનાં પ્રથમ તીર્થે વરકાણાજી આવ્યો અને મંદિરજીનાં મંડપમાં ખભા ઉપર ઉત્તરાસન નાંખી બસો બાળવિદ્યાર્થીઓને વિધિપૂર્વક પ્રભુદર્શનનો લાભ લેતાં જોયા ત્યારે મારૂં મન પુલકિત બન્યું અને આ બાળકોની સાથે આખો દિવસ રહીને તેઓની દિનચર્યા વિગેરે નજરે નીહાળવાનું નક્કી કર્યું. આખા દિવસના રોકાણમાં હું અનેક બાળકોને મળ્યો. તેમની ધાર્મિક ભાવનાઓની વિવિધ પ્રકારના પ્રશ્નોથી પરીક્ષા કરી. નાનાં નાનાં સુકોમળ બાળકો પ્રભુપૂજા, વૃતનિયમ, સામાયિક, પ્રતિક્રમણ આદિ ગહન વિષયોનાં મધુર જવાબ આપતા ત્યારે બન્ને મહાત્માઓનાં ઉપકારને વશ થઇ મારૂં મસ્તક નમી જતું. બાળકોની હંમેશની નવકારશી, તિવિહારની પ્રતિજ્ઞા, જમવા વખતની અપૂર્વ શાંતિ, ત્યાગવૃત્તિ, ક્રિયાકાંડ તરફની અભિરૂચી, અષ્ટમી–ચતુર્દશી આદિ પર્વતીથિઓના તેમના લીસ્ટ વિગેરે જોઇ મને બહુ જ સંતોષ થયો. વ્યવહારિક કલાસો પણ જોયાં પરીક્ષાનાં પરિણામો પણ તપાસ્યા અને મારી ખાત્રી થઇ કે આ સંસ્થામાંથી નીકળતા ભવિષ્યનાં સમાજસેવકો દેશનો, ધર્મનો, ન્યાતિનો અને પોતાના આત્માના જરૂર ઉદ્ધાર કરશે આઉપરાંત વધુ સંતોષતો શ્રી વરકાણાજી તીર્થનો આ મહાત્માઓના ઉપદેશથી શરૂ થએલો જીર્ણોદ્ધાર જોઇને થયો અને પ્રતીતિ થઈ કે મહાત્માઓ જ્ઞાનોદ્ધાર સાથે તીર્થોદ્ધારને પણ ભૂલ્યા નથી.

આ પછી ઉમેદપુરના બાળાશ્રમને પણ જોવાનું મન થઈ આવ્યું. આ બાળસંસ્થા પણ વરકાણાજી વિદ્યાલયનું બરાબર અનુકરણ કરી રહી હતી. પંન્યાસજી મહારાજની બાળકો તરફની અમિદ્રષ્ટિ, દ્રવ્ય વિનાની સંસ્થા તરફ તેમની અપુર્વ કાળજી જોઇ સ્વાભાવિક સૌ કોઇને તેમનાં તરફ માન ઉત્પન્ન થયા વિના રહે નહિ.

તીર્થયાત્રા નિમિત્તે ગામડામાં ફર્યો, સ્થળે સ્થળે સંસ્થાઓનાં લાભ લીધેલા યુવાનો મળ્યા. નાની–મોટી સ્કૂલો, લાયબ્રેરીઓ પણ ઉપરોક્ત મહાત્માઓના પ્રયાસથી સ્થાપિત થએલી જોઈ અને જે દેશની પરિસ્થિતિ પંદર વરસ પહેલાં જોઇ હતી તે જ દેશ આજે ધાર્મિક સુસંસ્કારોથી નવપલ્લવિત જોયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબમાં આદર્શ દીક્ષા મહોત્સવ.

બીનૌલી જીલ્લા મેરઠાનવાસી બાબૂ કીર્તિપ્રસાદ જૈન પ્લીડર બી. એ. એલ.એલ. બી. ભૂતપૂર્વ માજી ગવર્નર શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ, પંજાબ–ગુજરાંવાલાના લઘુભાઇ વકીલ રિસાલસિંહજીની સુપુત્રી નામે ચંદ્રકિરણની દીક્ષા પોતાના શ્વસુરપક્ષ તથા પિતૃપક્ષની સમક્ષ સર્વાનુમતિએ શહેર લાહોર પંજાબમાં સ્વર્ગવાસી જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ ૧૦૦૮ શ્રી મદ્વિજયાનંદસૂરિના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરિના શિષ્ય પંન્યાસજી શ્રી **વિદ્યાવિજયજીના** હાથે વૃદ્ધસ્થવિર સાધુમહારાજ શ્રી સુમતિવિજયજી આદિ સાધુગણ તથા પંજાબના શ્રીસંઘ સમક્ષ ઘણી ધૂમધામથી માહાશુદિ પાંચમ ૧૯૯૧ તા. ૮–૨–૧૯૩૫ ના દિવસે આનંદપૂર્વક થઇ છે.

દીક્ષા લેનાર બ્હેને પોતાના દ્રવ્યનો કેવો સારો સદુપયોગ કર્યો છે જે સાદર અનુકરણીય હોવાથી નીચે જાહેર કરવામાં આવે છે. ૧. શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ પંજાબ. ૨૦૦). ૨. શ્રી આત્માનંદ જૈન હાઇસ્કૂલ અંબાલાસીટી. ૧૦૦). ૩. શ્રી આત્માનંદ જૈન-હાઇસ્કૂલ માલેરકોટલા ૫૦). ૪શ્રી આત્માનંદ જૈનમિડલ સ્કૂલ જંડિયાલાગુરૂ. ૫૦). ૫. શ્રી આત્માનંદ જૈનહાઇસ્કૂલ લુધીઆના. ૫૦). ૬. શ્રી આત્માનંદ જૈનપાઠશાળા હુશીઆરપુર. ૫૦ ૭. શ્રી આત્માનંદ જૈનપાઠશાળા ગુજરાંનવાલા. ૫૦). ૮. શ્રી આત્માનંદ જૈનકન્યા-શાળા ગુજરાંવાલા. ૨૫). ૯. શ્રી આત્માનંદ જૈનભવન સમાધિમંદિર ગુજરાંવાલા. ૨૫).

---

આટલું જોયા પછી પણ મને પૂર્ણ તૃપ્તિ થઇ નહિ. દેશના આગેવાનોને યુવાનોને તથા ઉપરોક્ત મહાત્માઓને હજુ પણ વિશેષ પ્રયત્ન કરવાને અને જગે જગે આવા વિદ્યાસ્થાનો સ્થાપિત કરવાને વિનંતિ કરવાની સ્વાભાવિક પ્રેરણા થઇ આવે છે કે જેથી દેશનાં ખૂણા ખૂણામાં જ્ઞાનનો પ્રચાર થાય. લોકો વધુ અને વધુ ધર્મને સમજતા થાય અને દેશ તથા રાજ્યમાં જૈનોનો અવાજ સંભળાય એ જ ભાવના. ઇતિશમ્ વિશેષ હવે પછી.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**
સેક્રેટરી
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.
અને સ્થા૦ સેક્રેટરી
શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–**પાલીતાણા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦) શ્રી આત્માનંદ જૈનસભા ( ઉપાશ્રય ) લાહોર. ૨૨૫). ૧૧. શ્રી અમર જૈનહોસ્ટલ ( સ્થાનકવાસી ) લાહોર. ૧૧) ૧૨. શ્રી શ્વેતાંબર જૈનમંદિર લાહોર. ૨૫). ૧૩. શ્રી દિગંબર જૈનમંદિર લાહોર. ૨૫). ૧૪. શ્રી શ્વેતાંબર જૈનદાદાવાડી દાદાજીનાં પગલાં લાહોર. ૨૫). ૧૫. શ્રી જિનેંદ્ર ગુરૂકુલ ( સ્થાનકવાસી ) પંચકૂલા જીલ્લા અંબાલા. ૨૫). ૧૬. શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈનબાલાશ્રમ ઉમેદપુર ( મારવાડ ) ૨૦૦). ૧૭. શ્રી પાર્શ્વનાથ જૈનવિદ્યાલય વરકાણા ( મારવાડ ). ૧૦૦). ૧૮. શ્રી દિગંબર જૈનહાઈસ્કૂલ બડૌત જીલ્લા મેરઠ. ૫૦૦) " દીક્ષા લેનાર બ્હેનના સદ્‌ગત પતિના નામથી બોર્ડિંગમાં એક કોટડી બનાવવા નિમિત્તે. " ૧૯. બંગાલી સ્ત્રી દવાખાના મેરઠ ૧૦૦). ૨૦. શ્રી જૈનપાઠશાળા ( દિગંબર ) બડૌત. ૧૦). ૨૧. શ્રી દિગંબર જૈન બોર્ડિંગહાઉસ મેરઠ ૨૫). ૨૨. શ્રી જૈનમંદિર બડૌત ૨૦) ૨૩). શ્રી શ્વેતાંબર જૈનમંદિર બીનૌલી. ૧૦). ૨૪. શ્રી શ્વેતાંબર જૈનમંદિર સરધના જીલ્લા મેરઠ ( ૧૦ ). ૨૫. શ્રી શ્વેતાંબર જૈનમંદિર કસૂર જીલ્લા લાહોર. ૧૦ ). ૨૬. શ્રી દિગંબર જૈનમંદિર મેરઠ. ૧૦ ). ૨૭. શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્રની છપામણીમાં મદદ. ૨૦૦). ૨૮. શ્રી જીવદયાફંડ ( મુંબઇ આદિ ). ૨૦૦). ૨૯. પરચુરણ દાન લાહોરમાં. ૮૩).

દીક્ષાનાં ઉપકરણો તેમજ દીક્ષા સમયની પ્રભાવના બ્હેન ચંદ્રકિરણના પિતાશ્રી વકીલ રિસાલસિંહજીના તરફથી થયેલ છે.

બાકી દીક્ષાના વરઘોડાનું કામ તેમજ બહારગામના આવેલ સ્વામીભાઇઓની ભક્તિ વગેરેનું દરેક કાર્ય લાહોરના શ્રીસંઘે કરેલ છે.

પંજાબમાં થતાં દરેક શુભ કાર્યોનો યશ સ્વર્ગવાસી ગુરૂદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિ પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજને જ ઘટે છે, કારણ કે આખા પંજાબ દેશમાં એમનો જ ઉપકાર છે.

પંજાબમાં વિચરતાં સાધ્વીજી શ્રી દેવશ્રીજીની ચેલી સાધ્વીજી દાનશ્રીજી તેમની ચેલી ( વડોદરના સુપ્રસિદ્ધ રાજ્યવૈદ્ય શ્રીમાન્ હીરાભાઈના સુપુત્ર બાપુભાઇ વૈદ્યનાં સુપુત્રી ) માણેકશ્રી તેમની ચેલી પ્રભાશ્રીની ચેલી તરીકે આ બ્હેનની દીક્ષા થઇ છે. નામ **સુભદ્રાશ્રી** રાખવામાં આવ્યું છે. ( મળેલું )

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ગૃહચૈત્યનો પ્રતિષ્ઠા મહોત્સવ.

જે અપૂર્વ અવસરની શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ભાઇબ્હેનો અતિશય ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં હતાં તે સંવત્ ૧૯૯૧ ના મહા શુદ ૧૦ ના ધન્યદિને મુંબાપુરી નગરીમાં અતિ આનંદપૂર્વક આવી અને જોતજોતામાં અદૃશ્ય થઇ ગઇ.

પ્રતિષ્ઠાના પાંચે પુણ્ય દિવસોએ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રત્યેનો મુંબાઈની જૈન જનતાના હૃદયમાં ગુપ્ત રહેલો સદ્‌ભાવ કોઇ અજબ રીતે વ્યક્ત કર્યો અને અનેક આત્માઓના ભ્રમજાળોનો નાશ કર્યો છે. તે પ્રસંગનું યથાયોગ્ય વિધિવિધાન કરાવવા સારૂ સંચાલકોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમ્ર વિનંતિને માન આપી પરમશાન્ત પૂજ્યપાદ પંજાબદેશોદ્ધારક આચાર્યવર્ય ૧૦૦૮ શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી** અતિશય ઉગ્ર વિહારનું કષ્ટ સહન કરી પોતાના સુશિષ્ય પરિવાર સમેત મુંબાપુરી પધાર્યા. તેઓશ્રીનું શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી થએલ ભાવભીનું સામૈયું અને સૂરીશ્વરજી પ્રત્યેનો અનહદ પ્રેમ ભવ્ય હતો. તેને બીજે દિવસે શ્રી. ગોડીજી મહારાજના ઉપાશ્રયથી જલજાત્રા અને પ્રભુને ગૃહચૈત્યપ્રવેશ કરાવવા તથા સૂરીશ્વરજીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં લઈ જવા પ્રસંગનો વરઘોડો રમણીય ચડેલો હતો. પોતપોતાના યુનિફોર્મમાં સજ્જ થએલા ઉત્સાહી અનેક જુદા જુદા સ્વયંસેવકો અને લોકોના ચિત્તને આકર્ષનારો ઇન્દ્રધ્વજ અને રથ વગેરેએ તો વરઘોડાની શોભામાં અવર્ણનીય વધારો કર્યો હતો.

ત્રીજા દિવસનું શ્રી **વિજય**વલ્લભસૂરીશ્વરજીનું પ્રતિષ્ઠા અને કેળવણીનું રહસ્ય સમજાવતું વિદ્યાલય ભુવનના સભાગૃહમાં કરેલું પ્રવચન પણ અતિશય રસિક અને બોધપ્રદ થઇ પડયું હતું. ખરેખર વલ્લભસૂરિજી મહારાજનો શાન્તદાન્ત સ્વભાવ, ઉદાર વિચાર અને પ્રખર બુદ્ધિશક્તિ ગમે તેવા માણસ ઉપર ઊંડી છાપ પાડે તેવાં છે. જે લોકોને શ્રી મુનિસંમેલન વખતે આચાર્યશ્રીની ઉદાર અને સર્વગ્રાહી બુદ્ધિનો અને સમાધાન શક્તિનો પરિચય થયો હશે તેમને ખાત્રી થઇ હશે કે સૂરીશ્વરજીમાં સર્વને શાન્ત પાડવાની અતિશ્રમસાધ્ય શક્તિ રહેલી છે.

મહા શુદિ ૫ થી ૧૦ સુધીનો મહોત્સવ પાંચ દિવસોનો હતો, અને તે પવિત્ર કાર્યમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉમંગી વિદ્યાર્થીઓ પૂરતો સાથ આપી રહ્યા હતા. વિદ્યાર્થીઓ પોતાની જ આત્મોન્નતિ માટે થઈ રહેલ આવી સુંદર પ્રવૃત્તિમાં સહકાર આપે એમાં કશું જ વધારે પડતું નથી. તેમને તો આ અતિઆનંદનો પ્રસંગ હતો કે તેમની વીસ વીસ વર્ષની જરૂરીઆતની મહામૂલી વસ્તુ તેમને મળી રહી હતી.

ખરેખર 'વિદ્યાર્થીઓના સદ્ભાગ્યે શ્રી. **વાસુપૂજ્ય ભગવાન્** મૂળનાયકજીની પ્રતિમાજી તો ખરેખર જેવી પ્રાચીન છે તેવી જ અલૌકિક છે. તે પ્રતિમાજીની પાછળ આધુનિક જમાનાનો પણ મોટો ઇતિહાસ છે. તે પ્રતિમાજી મૂળ પટણામાં હતાં. ત્યાંથી શ્રી ગોડીજીના મંદિરમાં આવેલાં અને ત્યાંથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ચૈત્યગૃહને શોભાવવા પધાર્યાં. પ્રભુજીને પ્રતિષ્ઠાવિધિપૂર્વક તખ્તનશીન કરવાનું માન શેઠ જીવાભાઇ મહોકમચંદના સુપત્ની મંગુબાઇને ઘટે છે. તેઓએ ઉદારભાવથી સંસ્થાના ચાલુ ફંડમાં કોઇપણ જાતની શરત કર્યા વગર રૂા. ૭૧૦૧) ની રકમ ભરેલી તેની કદર કરવા રૂપે સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ તેમને આ પ્રસંગની સર્વે ક્રિયાઓ કરવાની અલભ્ય તક આપી. એ બાબત જેટલી મંગુબ્હેનને શોભાસ્પદ છે તેટલી જ સંસ્થાની મેનેજીંગ કમિટિને પણ શોભાપ્રદ બનેલી છે. આ પ્રતિષ્ઠાની ખાસ વિશિષ્ટતા એ હતી કે તે પ્રસંગે કાળજીપૂર્વક જરા પણ રેશમી કાપડ, કે જે મહાહિંસામૂલક છે=તે કોઇપણ પ્રસંગે બીલકુલ વાપરવામાં નહોતું આવ્યું તથા સ્નાત્રીઆઓએ શુદ્ધ ખાદીનાં વસ્ત્રો પહેરેલાં હતાં. રેશમી વસ્ત્રનો સદંતર ત્યાગ શ્રી. **વલ્લભસૂરીશ્વરજીને** આભારી હતો. સૂરીશ્વરજી કેવા સમયજ્ઞ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## રિપોર્ટ

**શ્રી શંખેશ્વરજી જૈન ભોજનશાળાનો રીપોર્ટ**—સં. ૧૯૮૩ થી સં. ૧૯૯૦ સાત વર્ષનો. પ્રાચીન તીર્થોમાં યાત્રાળુઓ વિશેષ આવતા હોવાથી તેમ જ તેવા તીર્થો ઘણે ભાગે જંગલમાં કે નાના ગામડા નજીક હોવાથી તેવા પવિત્ર સ્થળોએ જૈનસમાજ તરફથી ભોજનશાળાઓ ખોલાય છે તે ઇચ્છવાજોગ છે, એવા આશયથી આ ભોજનશાળા શરૂ થયેલી છે જેથી તેવી જરૂરીયાત પૂરી પાડી છે. હિસાબ ચોખવટવાળો, વ્યવસ્થા યોગ્ય છે. દરેક જૈનબંધુઓએ સહાય કરવા જરૂર છે.

**શ્રી જૈન યુવકોદય મંડળ**—નો સં. ૧૯૮૧ થી ૮૫ સુધીનો ચાર વર્ષનો રિપોર્ટ લાઇબ્રેરી અને ફ્રી રીડીંગરૂમ વગેરે ઉદ્દેશ પ્રમાણે ધીમી પ્રગતિકાર્ય કરી રહેલ છે. હિસાબ અને વ્યવસ્થા રિપોર્ટ જોતાં યોગ્ય લાગે છે.

**શ્રી વર્ધમાન તથા આયંબીલ ખાતું-મુંબઈ, સં. ૧૯૮૯ એક વર્ષનો રીપોર્ટ**:—આ ખાતું વ્યવસ્થાપૂર્વક ચાલે છે. દરેક શહેરમાં આવા ઉત્કૃષ્ટ તપવાળા ખાતાની જરૂર છે. અમો તેની વૃદ્ધિ ઇચ્છીએ છીએ.

**પાટણ જૈન મંડળ બોર્ડીંગ**:—(છાત્રાલય) વીસમો હેવાલ. પ્રગટ કર્તા **મંગળચંદ લલ્લુભાઇ** તથા **શાહ પન્નાલાલ** માણેકલાલ વ્યવસ્થિત રીતે ચાલતી આ સંસ્થાનો આવક જાવક હિસાબ વ્યવસ્થા બરાબર છે. ધાર્મિક અભ્યાસક્રમ તેના નિષ્ણાતો પાસે તૈયાર કરાવી ખાસ ચલાવવાની જરૂર છે. ધાર્મિક સંસ્કારની વૃદ્ધિ વિશેષ થાય તેવી પ્રવૃત્તિ ઉપર વ્યવસ્થાપક કમીટીના બંધુઓને વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

---

અને ગુણગ્રાહી છે તે બતાવવાને આ તેમજ પોતે પરદેશી ખાંડ અને પરદેશી કાપડનો બીલકુલ ઉપયોગ નથી કરતા એ બાબત તદ્દન પૂરતી છે. પ્રતિષ્ઠાને અંગે મહાશુદ ૧૦ મે પ્રતિષ્ઠાના દિવસે ગં. સ્વ. મંગુબ્હેન તરફથી સ્વામીવાત્સલ્યનું જમણ મોટી સંખ્યામાં થએલું હતું. પ્રતિષ્ઠાને દિવસે કેળવણીની સંસ્થાઓના વિદ્યાર્થીઓને શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજીના,** સદુપદેશથી શેઠ જીવાભાઇ મહોકમચંદ તરફથી પ્રતિષ્ઠાનિમિત્તનું જમણ અપાવવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તૈયાર છે ! જલદી મંગાવો તૈયાર છે ! !

શ્રી નવપદજી મહારાજના આરાધન ( ઓળી) ના દિવસો નજીક આવે છે

તેનો લાભ લેવાની

એક ઉત્તમ અને અમૂલ્ય તક.

# શ્રીપાલરાજાનો રાસ..

( સચિત્ર ભાષાંતર, વિધિવિધાન, સ્નાત્રો, પૂજાઓ વિગેરે સહિત )

શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન યોગ-ધ્યાન માટે મુખ્ય છે, તો તેના આરાધનના વિધિ વિગેરે આ શ્રીપાળમહારાજના રાસ સાથે આપવામાં આવે તો આ ગ્રંથ વિશેષ ઉપયોગી થાય તેમ ધારી, આ રાસ સાથે નવપદજી મહારાજની આરાધના માટે સંપૂર્ણ ક્રિયાવિધિ. જેમ શ્રીપાલમહારાજે કરી હતી તે રીતે આ ગ્રંથમાં તે બંનેનું સંશોધન કરી કાળજીપૂર્વક શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે, કે જેથી તેના આરાધના માટે આ ગ્રંથ અવશ્ય ઉપયોગી થઇ પડે તેમ છે, તેટલુંજ નહિ પરંતુ તે માટે બીજી કોઇ બુક-ગ્રંથની પણ જરૂર ન પડે અને સ્વયં પોતે નવે દિવસોએ શ્રીનવપદોની અનુક્રમે વિધિપૂર્વક ભકિત પણ સાથે સાથે કરી શકે તે માટે નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વસ્તુઓ આ બુકમાં ગોઠવવામાં આવી છે.

## પ્રથમ વિભાગ.

### શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ.

૧ શ્રી નવપદજીનો સામાન્ય અર્થ, ૨ શ્રી નવપદજીના વર્ણો. ૩ નવે દિવસની ક્રિયાની સમજ જેમાં દરેક પદના જાપ, નવકારવાળી, વર્ણ, કાઉસગ્ગ, સ્વસ્તિક, ખમાસમણાં અને પ્રદિક્ષણા, દુહા અને ગુણો જાપ કરવા માટે, ૪ રચના, પારણાનો વિધિ, કાઉસગ્ગ કરવાનો વિધિ, પચ્ચખાણો. વગેરે, ૫ ચૈત્યવંદનો, સ્તવનો અને સ્તુતિઓ.

## વિભાગ બીજો.

૧ શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર ભાષાંતર સહિત.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિભાગ ત્રીજો.

### પરિશિષ્ટો.

૧ બે સ્નાત્રો. (શ્રી વીરવિજયજી મહારાજ તથા શ્રીદેવચંદજી મહારાજકૃત).

૨ ત્રણ પૂજાઓ ( શ્રી યશોવિજયજી તથા શ્રી પદ્મવિજયજીમહારાજકૃત શ્રી નવપદજીની પૂજાઓ તથા શ્રી આત્મારામજી મહારાજકૃત સત્તરભેદી પૂજા (ક)

૩ ઉજમણાનો વિધિ૦ (ખ)

### ચિત્રો-છબીઓ—( સત્તર )

ઉપરોકત વિષયો ઉપરાંત વિશેષમાં શ્રી નવપદજીનું મંડળ અનેક વિવિધ રંગથી સુશોભિત ( ૧ ) તથા શ્રી સિદ્ધચક્રજીનો મોટો યંત્ર કે જે પૂર્વાચાર્યોએ નિર્દિષ્ટ કરેલ છે તેમજ જે વિદ્યાનુવાદ પૂર્વમાંથી રહસ્ય રૂપે ઉદ્ધરેલ છે કે જેના પૂજનથી મહા સિદ્ધિઓ સંપાદન થાય છે, તેનું સંશોધન કરીને શુદ્ધ રીતે તૈયાર કરેલ છે તે મ્હોટો યંત્ર (૨) તથા બીજા આ રાસમાં આવેલ હકીકતોને લગતી તેર નવી છબીઓ તૈયાર કરાવેલ છે તે ( ૧૫ ) તથા ગુરૂભકિત નિમિત્તે બે ગુરૂદેવોની છબીઓ મળી સત્તર ફોટાઓ વિવિધ રંગોમાં છપાવી આ બુકમાં દાખલ કરી, આ રાસને આકર્ષક, સુંદર અને ઉપયોગી બનાવેલ છે. સુંદર ગુજરાતી મોટા અક્ષરોમાં, ઉંચા કાગળોમાં છપાવી, સુંદર કપડાના બાઇડીંગ-પૂંઠા ઉપર પણ શ્રીપાળમહારાજનું મનહર ચિત્ર આપી આ ગ્રંથ સર્વમાન્ય અને પઠનપાઠન માટે રસ ઉત્પન્ન કરે તેવી તેમાં યોજના કરી છે, કે તેવો રાસ અત્યાર સુધી કોઇએ પ્રકટ કર્યો નથી. તેવી બધી જાતની જરૂરીયાત પુરી પાડતાં આવો સુંદર ગ્રંથ તૈયાર કરવામાં ગમે તેટલા ખર્ચ સામે જોયું નથી. ગમે તેવો છપાવી, ગમે તેટલી કિંમત રાખી વેપાર કરવાની-નફો ખાવાની દૃષ્ટિ-ગણત્રી નથી, પરંતુ જૈન સમાજ આ રાસનો વિશેષ કેમ લાભ લઇ શકે તેના ધ્યાનમાં લઇ તે ઉંચા કપડાના બાઇંડીંગના ગ્રંથના રૂ રા અઢી રૂપીયા તેમજ સાદું કપડાના બાઇંડીંગના રૂા ૨-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

લખો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત, રસિક કથા ગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિના આ કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી, સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર ફોટાઓ.

| નામ. | કિંમત. | નામ. | કિંમત. |
|---|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ | શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | શ્રી રાજગિરિ–સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ | છ લેશ્યા. | |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ | શ્રીમધુબિંદુ | ૦–૬–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ | પાવાપુરીનું જલમંદિર. | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦–૮–૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે | ૨–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦–૬–૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ | ૦–૮–૦ | નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |
| શ્રીપાર્શ્વનાથ પદ્માવતી | ૦–૮–૦ | શ્રી સિદ્ધચક્ર યંત્ર. રંગીન બહુજ મોટી સાઇઝ | ૦–૬–૦ |

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝના નવા ગ્રંથો.

### શ્રી વીતરાગ સ્તોત્ર તથા મહાદેવ સ્તોત્ર.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત ઉપરોક્ત મહાપુરૂષની શતાબ્દિની શરૂઆત તરીકે આ માંગલિક બે ગ્રંથો પ્રથમ મૂળ સંસ્કૃત ભાષામાં પ્રગટ થયેલ છે. તેના સંપાદક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય શ્રી **ચરણવિજયજી** મહારાજ છે. તેનું બરાબર શુદ્ધ રીતે સંશોધન વિદ્દ્વર્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજે કરેલ છે. વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ રૂપે વીશ પ્રકાશ (પ્રકરણ) ગુંથ્યા છે. કુમારપાળ મહારાજા નિમિત્તેજ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ સ્તુતિરૂપ ગ્રંથ રચેલ હોવાથી કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠી આ સ્તોત્રનો પ્રથમ પાઠ કરતા હતા.

બીજો ગ્રંથ આ સાથે મહાદેવ સ્તોત્ર જોડેલો છે. તેમાં દેવનું સ્વરૂપ, મહાદેવ કોને કહેવા, કોણ હોઈ શકે ? આ બે સ્તોત્રોની પાછળ આ મહાન આચાર્યશ્રીની કૃતિ તરીકે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** તથા **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** બે બત્રીશી આપવામાં આવી છે. આ એકજ ગ્રંથમાં ચારેનો સમાવેશ કરેલો છે. ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાવી સુંદર બાઇંડીંગ કરાવેલ છે. સર્વ કોઈ લાભ લઇ શકે તે માટે માત્ર નામની બે આના કિંમત રાખેલ છે.

---

પ્રાકૃત ભાષાના અભ્યાસીઓને માટે—

### શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ પુસ્તક બીજું.

## प्राकृत व्याकरणम्

### કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત

### (અષ્ટમાધ્યાય પાઠ) સવિસ્તર ધાતુ પાઠ સહિત.

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ એ છ ભાષાના નિયમો મૂળ સૂત્રરૂપે આ ગ્રંથમાં રચયિતા મહાત્માએ સારી રીતે બતાવ્યા છે. આ વ્યાકરણની અંતે **સવિસ્તર** પ્રાકૃત ધાત્વાદેશ અકારાદિ ક્રમથી આપ્યો છે એટલે અભ્યાસીઓને કંઠાગ્ર કરવાની સરળતા પડે માટે પ્રથમ સંસ્કૃત ધાતુ અને પછી પ્રાકૃત સૂત્રના સપાદ અંક એ એક પૃષ્ઠમાં ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલ મૂળ સૂત્રો અને તેના નિયમો એવી સરસ રીતે આપેલ છે કે અલ્પ પ્રયાસે કંઠાગ્ર થતાં વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ રીતે મૂળ સૂત્રરૂપે આ પ્રથમ વખતજ આ ગ્રંથ પ્રગટ થાય છે. તે આખો ગ્રંથ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તપાસેલ હોવાથી શુદ્ધ રીતે સુંદર શાસ્ત્રી ટાઇપથી નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળો ઉપર પોકેટ નાની સાઇઝમાં પ્રગટ થયેલ છે. સર્વ કોઇ લાભ લઇ શકે માટે આટલા મોટા ગ્રંથની માત્ર ચાર આનાજ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only